### લુણાવાડા નગરપાલિકાની બેદરકારીથી ગટરના પાણી માર્ગો પર અને કચરાના ઢગલાથી રોગચાળાનો ભય

# લુણાવાડા-પટ્ટન રોડ નરકાગાર બન્યો !

**ખેતીના** પાક પર જોખમ અને મચ્છરોના ઉપદ્રવથી સ્થાનિકોમાં ભારે રોષ

**વહેલી** તકે નિકાલ નહીં થાય તો જલદ આંદોલનની ચીમકી


તસવીરઃ ચિંતન પટેલ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.4

લુણાવાડા નગરપાલિકાની ગંભીર બેદરકારીને કારણે લુણાવાડાથી પટ્ટન રોડ તરફ જવાના માર્ગ પર સ્થિતિ અત્યંત દયનીય બની છે. આ મુખ્ય માર્ગ પર ગટરના ગંદા પાણી ઉભરાઈને ફરી વળતા સમગ્ર વિસ્તાર ગંદકીના સામ્રાજ્યમાં ફેરવાઈ ગયો છે. ગટર વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ જવાના કારણે ગંદા પાણીનો નિકાલ થવાને બદલે તે રોડ પર વહી રહ્યા છે, જેનાથી રાહદારીઓ અને વાહનચાલકોને પસાર થવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

લુણાવાડા નગરપાલિકા તંત્ર દ્વારા આ જ વિસ્તારમાં કચરો ઠાલવવામાં આવતો હોવાથી ગંદકીમાં સતત વધારો થઈ રહ્યો છે. આ ગંદકીને કારણે અસંખ્ય મચ્છરોનો ઉપદ્રવ વધતા સ્થાનિકોમાં ભયંકર રોગચાળો ફેલાવાની આશંકા જન્મી છે. આટલું જ નહીં, ગટરનું દૂષિત પાણી હવે આજુબાજુના ખેતરોમાં ઘૂસી રહ્યું છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર, જો આ સમસ્યાનું તુરંત નિરાકરણ નહીં આવે તો તેમનો ઉભો પાક નિષ્ફળ જવાની પૂરેપૂરી ભીતિ છે.

આ અંગે સ્થાનિક રહીશો અને ખેડૂતોનો આક્ષેપ છે કે તેઓએ આ અંગે અનેકવાર રજૂઆતો કરી છે, તેમ છતાં નગરપાલિકા તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ જણાય છે. ગંદકી અને મચ્છરોના ત્રાસથી લોકોનું જીવવું દુષ્કર બની ગયું છે. જો પાલિકા વહેલી તકે ગટરના પાણીનો યોગ્ય નિકાલ નહીં કરે અને કચરો હટાવવાની કામગીરી શરૂ નહીં કરે, તો આગામી દિવસોમાં મોટો રોગચાળો ફાટી નીકળવાની શક્યતા છે.

#### આક્રમક આંદોલનની ચીમકી

તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ ગંદકી અને ગટરની સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવે તેવી સ્થાનિકોની ઉગ્ર માંગ છે. જો પરિસ્થિતિમાં વહેલી તકે સુધારો નહીં થાય તો સ્થાનિકો દ્વારા આક્રમક આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. આ ઉપરાંત ગટરના ગંદા પાણી ખેતરોમાં ફરી વળતા ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળવાની સ્થિતિ સર્જાઇ છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, પાલિકાની નિષ્ક્રિયતા તેમના આર્થિક નુકસાનનું કારણ બની શકે છે.

# કપડવંજમાં અકસ્માતો રોકવા ‘બમ્પ’ મુકવાની કામગીરી શરૂ

**નદી દરવાજા** વિસ્તારમાં જીવલેણ અકસ્માતો બાદ તંત્ર જાગ્યું

(પ્રતિનિધિ) કપડવંજ તા.3

કપડવંજ - ગાંધીનગર ધોરી માર્ગ અને અન્ય ગ્રામ્ય વિસ્તારોને જોડતા નદી દરવાજા વિસ્તારમાં અવારનવાર સર્જાતા જીવલેણ માર્ગ અકસ્માતો અંગેના અખબારી અહેવાલો બાદ સરકારી તંત્ર સફાળું જાગ્યું છે. આ અકસ્માતોની આ ગંભીર સ્થિતિને ધ્યાને લઈ સત્તાવાળાઓ દ્વારા આ રસ્તાઓ ઉપર યુદ્ધના ધોરણે બમ્પ (ગતિ અવરોધક) મુકવાની કાર્યવાહીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, આ માર્ગો પર અત્યાર સુધીમાં અનેક માર્ગ અકસ્માતોમાં અનેક નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા.

કપડવંજ - ગાંધીનગર ધોરી માર્ગ પર અકસ્માતોના પગલે તંત્ર ‘કુંભકર્ણિય નિંદ્રા’માંથી જાગ્યું હોય તેમ તાબડતોબ બમ્પ બનાવી તેની ઉપર રેડિયમ કલર લગાવવાની કામગીરી હાથ ધરી છે. આ રેડિયમ કલરને કારણે વાહન ચાલકોને


તસવીરઃ હરિશ જોષી

દૂરથી ગતિ અવરોધકની જાણ થશે, જેનાથી વાહનોની ગતિ મર્યાદિત બનશે અને અકસ્માતોમાં નોંધપાત્ર ઘટાડો થશે તેમ મનાય રહ્યું છે. કપડવંજ શહેરમાંથી પસાર થતા અન્ય તમામ મુખ્ય માર્ગો પર પણ સત્વરે આ પ્રકારના ગતિ અવરોધો મુકવામાં આવે તેવી માંગણી ઉઠી છે.

### મહીસાગરની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ભાજપનો ચૂંટણી જંગ તેજ

# લુણાવાડા : દાવેદારોનો શક્તિ પ્રદર્શન જેવો માહોલ સર્જાયો!

**સેન્સ બાદ** જિલ્લા સંકલન સમિતિની મહત્વની બેઠક મળશે

(પ્રતિનિધિ) લુણાવાડા તા.4

મહીસાગર જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનું રણશિંગુ ફૂંકાઈ ગયું છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉમેદવારોની પસંદગી માટે લુણાવાડા વિશ્રામગૃહ ખાતે બે દિવસીય ‘સેન્સ’ પ્રક્રિયા યોજાઇ હતી. આ પ્રક્રિયાને પગલે જિલ્લાના રાજકીય તાપમાનમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે અને પાયાના કાર્યકરોથી લઈને સ્થાનિક નેતાઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતાં.

મહીસાગર જિલ્લામાં પ્રદેશ ભાજપ દ્વારા ખાસ નિરીક્ષકો તરીકે નિયુક્ત કરાયેલા ચોર્યાસીના ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈ, પ્રદેશ કારોબારી સભ્ય રાજેન્દ્રસિંહ કુંવર અને પૂર્વ મેયર અસ્મિતાબેન શિરોયાની ત્રિપુટી દાવેદારોની રજૂઆતો સાંભળી હતી. પ્રથમ દિવસે કડાણા, ખાનપુર, ગોધર, કોઠંબા અને વીરપુર તાલુકાના દાવેદારો સાથે રૂબરૂ સંવાદ કરી તેમની યોગ્યતા અને પક્ષ પ્રત્યેની વફાદારીની ચકાસણી કરવામાં આવી હતી. બીજા દિવસે બાલાસિનોર, લુણાવાડા અને સંતરામપુર તાલુકાની બેઠકો તેમજ લુણાવાડા નગરપાલિકાની પેટા ચૂંટણી માટે સેન્સ લેવામાં આવ્યાં હતાં.

આ સેન્સ પ્રક્રિયા માત્ર ઉમેદવાર પસંદગી પૂરતી મર્યાદિત નથી, પરંતુ પક્ષમાં શિસ્ત અને સંગઠનની શક્તિ માપવાનો પણ એક પ્રયાસ છે. બે દિવસના સઘન મંથન બાદ જિલ્લા સંકલન સમિતિની મહત્વની બેઠક યોજાશે. જેમાં મેળવેલી વિગતો અને દાવેદારોના પ્રતિભાવો પર ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરી આખરી અહેવાલ પ્રદેશ કક્ષાએ મોકલવામાં આવશે, જે આગામી ચૂંટણીમાં ભાજપનું ભાવિ નેતૃત્વ નક્કી કરશે. હાલ ભારે ખેંચતાણ ચાલી રહી છે.

# બાલાસિનોર : બાઈકસવાર તસ્કરે ચાંદીની મતા ચોરી

**પરિવાર** બીજા માળે નિદ્રાધીન હતો અને નીચે તસ્કરે ખાતર પાડ્યું

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.4

બાલાસિનોરના સરકારી દવાખાના પાછળના વિસ્તારમાં ગત મધ્યરાત્રિએ તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. મકાન માલિક પરિવાર સાથે બીજા માળે સુતા હતા ત્યારે તસ્કરે નીચેના રૂમનું તાળું અને નકુચો તોડી ચાંદીની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, દીપકકુમાર ગનુભાઈ કટારીયાના ઘરે ગત 8મી ફેબ્રુઆરી, 2026ના રોજ આ ઘટના બની હતી. રાત્રિના સમયે પરિવાર ઘરના મુખ્ય દરવાજાને તાળું મારી બીજા માળે સુવા ગયો હતો. વહેલી સવારે આશરે પોણા ત્રણ વાગ્યે કુતરા ભસવાનો અવાજ આવતા દીપકકુમારની પત્ની જાગી ગઈ હતી. તેમણે અગાસી પરથી તપાસ કરતા ઘર પાસે એક શંકાસ્પદ શખ્સ મોટરસાયકલ લઈને ઊભેલો જણાયો હતો, જે દંપતીને જોતા જ ત્યાંથી ગાયબ થઈ ગયો હતો.

ચોરીની શંકા જતા દંપતી નીચે તપાસ કરવા પહોંચ્યું ત્યારે ઘરનો નકુચો અને તાળું તૂટેલી હાલતમાં જોવા મળ્યા હતા. તસ્કરે ઘરમાંથી 15 નંગ ચાંદીના સિક્કા, 2 જોડ ચાંદીના વેળ અને ચાંદીનું છત્ર મળી કુલ રૂ. 9,500ની મત્તાની ચોરી કરી હતી. આ મામલે દીપકકુમારે અજાણ્યા ચોર વિરુદ્ધ બાલાસિનોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# મહીસાગરમાં ભાગતા ફરતાં ચાર શખસને જેલહવાલે કરાયાં

**રેન્જ આઈજીની** સૂચનાથી ખાસ ડ્રાઈવનું આયોજન કરાયું

**બાલાસિનોર** અને લુણાવાડાના ગુનામાં સંડોવાયેલા શખ્સો ઝડપાયા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.4

પંચમહાલ ગોધરા રેન્જ આઈ.જી. દ્વારા જિલ્લામાં નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે ખાસ ‘ડ્રાઈવ’નું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત મહીસાગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે અલગ-અલગ સ્થળે દરોડા પાડી એક જ દિવસમાં કુલ 4




આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશનમાં વિવિધ ગુનાખોરીમાં નાસતા-ફરતા મુકેશકુમાર કિરીટકુમાર જોષી (રહે. દધાલીયા) અને ચેતનકુમાર બાલુસિંહ ચૌહાણ (રહે. વાટડા, મોડાસા) ને સંયુક્ત બાતમીના આધારે ઝડપી લેવાયા હતાં. અન્ય એક કાર્યવાહીમાં, લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ચોરીના ગુનામાં સંડોવાયેલ આરોપી આફતાબ ઉર્ફે મુશા ઈકબાલ પાયા (રહે. ગોધરા) ને પણ બાતમીના આધારે દબોચી લેવાયો હતો. આ ઉપરાંત, કાયદાના સંઘર્ષમાં આવેલ એક સગીરને પણ પોલીસ ટીમે ઝડપી પાડ્યો હતો. આ સફળ કામગીરીમાં મહીસાગર લોકલ ક્રાઈમ બ્રાંચના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.કે. ખાંટ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.એમ. મકવાણા, કે.સી. સિસોદીયા અને તેમની ટીમ સાથે જોડાયેલા અન્ય પોલીસ કર્મચારીઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### મલાતજની લક્ષ્મીપુરા પ્રાથમિક શાળાને સ્માર્ટ ટીવી સહિત ફર્નિચરનું દાન

**આણંદ |** મલાતજ સ્થિત લક્ષ્મીપુરા પ્રાથમિક શાળામાં દાતા પંકજભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા સ્માર્ટ એલઇડી શાળાને અર્પણ કરાયું હતું, જે વિદ્યાર્થીઓના આધુનિક શિક્ષણમાં મહત્વપૂર્ણ સાબિત થશે. અરવિંદભાઈ રેવનદાસ પટેલ (મલાતજ-USA)ના હસ્તે હસમુખભાઈ રાવજીભાઈ પટેલ અનાજના વહેપારી તરફથી ઓફિસ ટેબલ અને ટ્રાવેલિંગ ખુરશીનું દાન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પરિતાબેન રવીન્દ્રભાઈ પટેલ (પીપળાવ-લંડન)ના હસ્તે કેળવણી મંડળ મલાતજના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓ માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. શિક્ષણવિદ શૈલેષભાઈ, શાળાના આચાર્ય ધવલભાઈ પટેલ, મદદનીશ શિક્ષિકા મિત્તલબેન કુંપાવતે દાતાનું સન્માન કરી તેમની સેવાભાવને બિરદાવ્યો હતો.



### આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ખેડૂતો માટે નવસારી ખાતે પ્રેરણા પ્રવાસનું આયોજન

**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટીના ખાંધા કેન્દ્ર દ્વારા વડોદરાના વણછરા ગામના 47 ખેડૂતોને નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે પ્રેરણા પ્રવાસે લઈ જવામાં આવ્યાં હતાં. યુનિટ વડા ડો. જે. એચ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ ખેડૂતોએ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવવા માટે યુનિવર્સિટીના વિવિધ સંશોધન કેન્દ્રોની મુલાકાત લીધી હતી. આ પ્રવાસ દરમિયાન ખેડૂતોએ બનાના સ્યુડોસ્ટેમ પ્રોસેસીંગ યુનિટ અને પ્રાકૃતિક કૃષિ ફાર્મ જેવી આધુનિક ટેકનોલોજીની પ્રત્યક્ષ જાણકારી મેળવી હતી. આ આયોજન દ્વારા નર્મદા કમાન્ડ વિસ્તારના ખેડૂતોને પાણીના કાર્યક્ષમ ઉપયોગ અને ખેતીમાં નવીનતમ પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.




ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ચાંગાની હાઈસ્કૂલમાં ચારુસેટની ‘સાયબર કવચ ક્લબ’ દ્વારા ‘સાયબર કેમ્પ-2026’નું આયોજન




**આણંદ |** ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીની સાયબર કવચ ક્લબ દ્વારા બી.એ. પટેલ હાઇસ્કૂલમાં વિદ્યાર્થીઓને સાયબર સુરક્ષા પ્રત્યે જાગૃત કરવા ‘સાયબર કેમ્પ-2026’ યોજાયો હતો. આ કેમ્પમાં ધોરણ 6 થી 12ના 250થી વધુ વિદ્યાર્થીઓને ફાઇનાન્શિયલ ફ્રોડ, ફિશિંગ અને ડિજિટલ એરેસ્ટ જેવી આધુનિક છેતરપિંડીઓ વિશે સરળ ભાષામાં સમજ આપવામાં આવી હતી. નાટિકાઓ અને રોચક રમતો જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને ઓનલાઈન જોખમો ઓળખવા અને "Think Before You Click" જેવી સુરક્ષા આદતો અપનાવવા પ્રોત્સાહિત કરાયા હતા.

### ભાઈકાકા યુનિવર્સિટી અને ટાટા સ્ટ્રાઈવ દ્વારા ગ્રામ્ય આરોગ્ય કાર્યકરો માટે કૌશલ્ય વર્ધન કાર્યક્રમ યોજાયો

**આણંદ |** અમૃતા પટેલ સેન્ટર ફોર પબ્લિક હેલ્થ અને ટાટા સ્ટ્રાઈવ દ્વારા આણંદ, ખેડા અને પંચમહાલ જિલ્લાના 100થી વધુ ગ્રામ્ય આરોગ્ય કાર્યકરો માટે ત્રણ દિવસીય વિશેષ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નિષ્ણાતો દ્વારા બિન-ચેપી રોગોનું નિદાન, યોગનિદ્રા, હાઈપર ટેન્શન અને ડાયાબિટીસના સંચાલન સહિત મહિલા સુરક્ષા અને સંઘર્ષ વ્યવસ્થાપન જેવા મહત્વના વિષયો પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય પાયાના સ્તરના આરોગ્ય કાર્યકરોની વ્યાવસાયિક કુશળતા અને કાર્યક્ષમતામાં વધારો કરી તેમને ભવિષ્યના આરોગ્યલક્ષી પડકારો માટે વધુ સશક્ત બનાવવાનો હતો.



### બીવીએમના વિદ્યાર્થી ઉદય કુકડીયાએ રાષ્ટ્રીય કક્ષાની ક્લે મોડલિંગ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન મેળવ્યું

**આણંદ |** ચેન્નઈની સત્યભામા યુનિવર્સિટી ખાતે યોજાયેલ 39માં ‘ઓલ ઇન્ડિયા યુનિવર્સિટી યુનિફેસ્ટ’માં BVMના વિદ્યાર્થી ઉદય કુકડીયાએ ક્લે મોડલિંગમાં રાષ્ટ્રીય સ્તરે દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. ફાઈન આર્ટસ કેટેગરીમાં GTUનું પ્રતિનિધિત્વ કરનાર ઉદયને આ સફળતા માટે ડો. આકાર રોઘેલિયા અને પ્રિયાંશી ગામીત દ્વારા યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. આ વિશેષ સિદ્ધિ બદલ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ અને પ્રિન્સિપાલ ડો. વિનય પટેલે વિદ્યાર્થીને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યો હતો.



### સરદાર પટેલ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગમાં વાર્ષિકોત્સવ અને ઇનામ વિતરણ સંપન્ન

**આણંદ |** અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગમાં આયોજિત આ કાર્યક્રમમાં વિભાગના અધ્યક્ષ ડો. કિંજલ આહીરે સ્વાગત પ્રવચન આપ્યું હતું અને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સહયોગ બદલ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતાં. આ પ્રસંગે પ્રથમ અને દ્વિતીય વર્ષના તેજસ્વી વિદ્યાર્થીઓને ડો.મહેશ પાઠક એન્ડોવમેન્ટ ફંડ હેઠળ બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડ અને રોકડ પુરસ્કારો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જ ક્વોન્ટિટેટિવ ઇકોનોમિક્સ વિષયમાં સર્વોચ્ચ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ અને વિવિધ વર્ષના વિદ્યાર્થી પ્રતિનિધિઓને પણ પ્રમાણપત્રો આપી સન્માનિત કરાયા હતા. ડો. ભાવેશ પરમારે વાર્ષિક અહેવાલ રજૂ કરી આભાર વિધિ કરી હતી.



### આણંદના બાકરોલની સ્પેક કોલેજમાં વિદ્યાર્થીઓ માટે ‘કરિયર મેન્ટોરિંગ સેશન’ યોજાયું

**આણંદ |** તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક), બાકરોલ ખાતે ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ માટે ખાસ કરિયર મેન્ટોરિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વિદેશમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો અને વૈશ્વિક સ્તરે કારકિર્દી બનાવવાની તકો વિશે સચોટ માહિતી પૂરી પાડવાનો હતો. એરીસ ઓવરસીઝના એમ.ડી. અંકુર પટેલે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું, જેમાં સંસ્થાના આચાર્ય ડો. સુયોગ ઉપાસની અને અન્ય પ્રોફેસરોએ મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.



### મલાતજ ખાતે સંત કવિ છોટમની 214મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી



**સોજિત્રા |** સોજિત્રાના મલાતજ ગામે સંત કવિ છોટમની 214મી જન્મજયંતિ નિમિત્તે પ્રતિમા પૂજન અને વિવિધ ધાર્મિક કાર્યક્રમોની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. મધ્યકાળની પ્રાચીન પરંપરા અને અર્વાચીનકાળ વચ્ચે સમન્વય સાધનાર આ સંતે લોકબોલી દ્વારા સમાજમાં જાગૃતિ લાવવાનું ભગીરથ કાર્ય કર્યું હતું. સંત કવિ છોટમે 400 પદો, 35 જ્ઞાનકાવ્યો અને 20 આખ્યાનો સહિત કુલ 41 ગ્રંથો રચીને ગુજરાતી સાહિત્યમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. “શ્રી છોટમની વાણી” જેવી પ્રસિદ્ધ રચનાઓ દ્વારા તેમણે પાખંડનું ખંડન કરી સાચા વેદધર્મનું પ્રતિપાદન કર્યું હતું.

### બાલાસિનોરમાં દિવ્યાંગો માટે નિરામયા હેલ્થ પોલિસી ડોક્યુમેન્ટ કેમ્પ યોજાયો

**બાલાસિનોર |** અંધજન મંડળ વસ્ત્રાપુર સંચાલિત કેન્દ્રો દ્વારા બાલાસિનોરમાં દિવ્યાંગો માટે ખાસ હેલ્થ પોલિસી ડોક્યુમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ભાર્ગવીબેન અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં કુલ 48 દિવ્યાંગોના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી. બાલાસિનોર તાલુકાના દિવ્યાંગ લાભાર્થીઓને સરકારી યોજનાઓનો લાભ સરળતાથી મળે તે હેતુથી આ વિશેષ કેમ્પ યોજાયો હતો. એક જ સ્થળે જરૂરી દસ્તાવેજી કામગીરી પૂર્ણ થતા તાલુકાના દિવ્યાંગ વ્યક્તિઓએ મોટી રાહત અને સંતોષની લાગણી અનુભવી હતી.



### આણંદની સીઈએસ એકેડમીમાં ‘વિશ્વ રંગભૂમિ દિન’ની ભવ્ય ઉજવણી



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત એકેડમીમાં સંગીત, નૃત્ય અને નાટ્ય પ્રસ્તુતિઓ દ્વારા ‘વિશ્વ રંગભૂમિ દિન’ નિમિત્તે વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કલાકારો દ્વારા સિતાર-તબલા વાદન, ઓજસ્વી ‘શિવ તાંડવ’ નૃત્ય અને સામાજિક સંદેશ આપતું એકાંકી નાટક ‘બસ્તી કી પાઠશાલા’ પ્રભાવશાળી રીતે રજૂ કરાયું હતું. સિનીયર સીટીઝન ફોરમના સદસ્યોની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમનું સફળ સંચાલન હેમાંગીનીબા ગોહિલ અને શિક્ષકોની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાના મંત્રી અને અન્ય મહાનુભાવોએ તમામ કલાકારોને બિરદાવ્યાં હતાં.

### ગળતેશ્વરના હડમતીયામાં હનુમાન જયંતિ નિમિત્તે શોભાયાત્રા, યજ્ઞ અને ભંડારો યોજાયો



**ગળતેશ્વર |** ગળતેશ્વરના હડમતીયા ગામે સ્વયંભૂ હનુમાનજી મંદિરે હનુમાન જયંતિ નિમિત્તે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. આ પ્રસંગે ડીજેના તાલે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં ગામના યુવાનો, વડીલો અને મહિલાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. મંદિર પરિસરમાં બ્રાહ્મણો દ્વારા મારુતિ યજ્ઞનું આયોજન કરાયું હતું, જેમાં યજમાનોએ ભક્તિભાવપૂર્વક ભાગ લીધો હતો. મહોત્સવના અંતે આયોજિત વિશાળ ભંડારામાં હજારો શ્રદ્ધાળુઓએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.